# નવસારી કૃષિ યુનિવર્સિટી કર્મચારી બચત અને ધિરાણ સહકારી મંડળી લિ.,નવસારી.

(નોંધણીનં . સા. ૩૨૬૬૬ તા. ૨૯-૧૧-૨૦૦૧)

જુલાઈ-૨૦૨૪ થી માસિક ફરજીયાત બચતની રકમમાં વધારો કરી રૂા.૧૫૦૦/- કરવા બાબત..

## :: પરિપત્ર ::

સવિનય સહ જણાવવાનું કે, નવસારી કૃષિ યુનિવર્સિટી ખાતે કાર્યરત કર્મચારી બચત અને ધિરાણ સહકારી મંડળી લિ., નવસારીના સભાસદોની સને.૨૦૨૩-૨૦૨૪ની વાર્ષિક સામાન્ય સભા તા.૧૨/૦૬/૨૦૨૪ને બુધવારના રોજ ન.મ.કૃષિ મહાવિદ્યાલયના હોલ ખાતે મળેલ હતી, સામાન્ય સભા દરમ્યાન સર્વાનુમતે મંડળીના વિકાસ અને સભાસદોને સમયસર ધિરાણ આપી શકાય તે હેતુથી સભાસદોના માસિક પગાર માંથી કપાત કરવામાં આવતી રૂા.૧૦૦૦.૦૦ ની ફરજીયાત બચતની રકમમાં વધારો કરવાનું વિચારણા હેઠળ હતું,

વાર્ષિક સામાન્ય સભાના ઠરાવ નં.૬.૧ થી સર્વાનુમતે ઠરાવ્યાનુંસાર ઉપરોકત ફરજીયાત બચતની રકમમાં રૂા.૫૦૦.૦૦નો વધારા સાથે માહે.જુલાઈ-૨૦૨૪થી તમામ સભાસદોની ફરજીયાત બચત પેટે રૂા.૧૫૦૦.૦૦ નકકી કરવામાં આવેલ છે.

આથી દરેક ઉપાડ અને ચુકવણા અધિકારીશ્રીઓને વિનંતી સહ જણાવવામાં આવે છે કે, આપના તાબા હેઠળ ફરજ બજાવતા કર્મચારી બચત અને ધિરાણ સહકારી મંડળી લિ., નવસારીના સભાસદોના માહે. જુલાઈ-૨૦૨૪ના પગારથી ફરજીયાત બચત પેટે રૂા.૧૫૦૦/- કપાત કરી મંડળીને જમાં કરાવવા વિનંતી છે.

જા.નં.નકૃયુ/કબધિસમં/ફ.બ. સુધારો /૧૧/૨૦૨૪
નવસારી, તા. ૧૧/૦૭/૨૦૨૪

મંત્રી
**નવસારી કૃષિ યુનિવર્સિટી કર્મચારી બચત અને ધિરાણ સહકારી મંડળી, લિ.,નવસારી.**

**નકલ સવિનય રવાના:.**

(૧) વહીવટી વ હિસાબી અધિકારીશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી નવસારી તરફ જાણ તથા ઘટતું થવા સારુ.
(૨) તમામ ઉપાડ અને ચુકવણા અધિકારીશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી તરફ જાણ તથા ઘટતુ થવા સારૂ.
(૩) ઉપાડ અને ચુકવણા અધિકારીશ્રી, પશુચિકિત્સા અને પશુપાલન મહાવિધાલય, કામધેનું યુનિવર્સિટી,નવસારી તરફ જાણ તથા ઘટતુ થવા સારૂ.
(૪) નવસારી કૃષિ યુનિવર્સિટી કર્મચારી બચત અને ધિરાણ સહકારી મંડળી લિ. નવસારીના તમામ સભાસદો તરફ જાણ સારૂ.(યુનિ. વેબસાઈટ મારફત)
(૫) ઉપાડ અને ચુકવણા અધિકારીશ્રી, ગુજરાત નેચરલ ફાર્મીંગ સાયન્સ યુનિવર્સિટી, આણંદ તરફ જાણ તથા ઘટતુ થવા સારૂ.